**આંક–૦૧ તળે હુકમ**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોક્ત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે દાખલ કરેલ બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઇ કારણ કે ખુલાસો નથી,આ સંજોગોમાં આ કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઇ શકે અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર ન હોય સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, સદર ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે અને સદર કેસ ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોકઅદાલતના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૬** ***(સંજયકુમાર મહેન્દ્રકુમાર મિશ્રા)***

વડોદરા. ૧૫ માં એડી.ચીફ જયુડી. મેજી.,વડોદરા.

કોડ નં. જીજે–૦૧૨૪૮